**અમદાવાદ(રુરલ)ના મહે. ચોથા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.મીરઝાપુર, અમદાવાદ.**

**ક્રીમીનલ કેસ નં -** ૩૩૭૩/૨૦૦૬
**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર

વિ.

**આરોપી : ખલીલભાઈ ફઝલુભાઈ શેખ**

**<u>ગુનો:- પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧(એલ)(ડી)(ઈ)(એફ) તથા મુંબઈ પશુ સંરક્ષણ અધિનીયમની કલમ ૫(૨) મુજબ</u>**

## <u>ચૂ કા દો</u>

**૧.** સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં-૫ માં જણાવ્યા મુજબનો ગુનો કરી પકડાઈ જઈ ગુનો કરેલો છે.

**૨.** જે અંગેની ફરીયાદ વેજલપુર પો.સ્ટે. ને નોંધાવી જરુરી તપાસ કરી આરોપીને અટક કરેલ અને આરોપી સામે ગુનો બન્યાનું જણાતા આ અદાલત સમક્ષ ઈન્સાફી કાયવાહી સારું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**૩.** આરોપી આજ રોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુના સંબંધી આરોપીનું નીવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છિકપણે પોતાનો ગુનો કબુલ મંજૂર કરતા હોઈ હું આરોપીની ગુના કબુલાત સ્વીકારું છું અને આરોપીને ગુનેગાર ઠરાવું છું.

**૪.** વળી આરોપીએ ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી મધ્યમ વર્ગના માણસ છીએ અને કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

**૫.** આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપી રજૂ કરેલી દયાની

અરજને લક્ષ માં લેતાં આરોપી નો આ પ્રથમ ગુનો છે અને તેઓએ બીજા કોઈ ગુના કરેલ નથી તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. તેથી આરોપીને સજા નહીં કરતા દંડ કરવાનું યોગ્ય માનું છું તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-: હુ ક મ :-**

સદર કામે આરોપીને તેમની સામે ના પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧(એલ)(ડી)(ઈ)(એફ) તથા મુંબઈ પશુ સંરક્ષણ અધિનીયમની કલમ ૫(૨) મુજબ રૂ. ૧૦૫૦/-(એક હજાર પચાસ રૂપિયા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ ન ભરે તો વધુ દિન-૨ ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૬ મી, જુન, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખ:૨૬-૦૬-૨૦૨૨

(મિતેષચંદ્ર વિનોદકુમાર પટેલ)
ચોથા એડી.સિનિયર સિવિલ જજ
અને ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય)
જજ કોડ જીજે૦૧૦૪૭